ફકત કચેરી ના ઉપયોગ માટે

# વાર્ષિક યોજના

## ૨૦૧૫-૧૬

## પૂર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

ફેબ્રુઆરી-૨૦૧૫

# નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

## ગુજરાત રાજય

**સદર: પૂર-નિયંત્રણ અને કાંસ (નિતાર)**

**૧. પ્રસ્તાવના:**

ગુજરાત, સપાટ વિસ્તારથી ડુંગરાળ વિસ્તારો સુધીની સ્થળ રૂપરેખા ધરાવતું રાજય છે. રાજયમાં સાબરમતી, મહી, બનાસ, તાપી, દમણગંગા અને નર્મદા આંતરરાજય નદીઓ છે. રાજયની અંદર ધણી નાની નદીઓ અને વહેળા છે. નદીમાં પૂર આવવાથી કિનાર પર રહેતા લોકોના જાનમાલને નુકશાન થાય છે.

આશરે ૨૧૨૫ કિ.મી. લાંબો દરિયાકાંઠો ધરાવતું ગુજરાત રાજય ભારતનું એક મેરીટાઈમ છે. દરિયાને કારણે કાંઠાના ધોવાણની સમસ્યા રાજયના દક્ષિણ-પશ્ચિમ કિનારા વલસાડ, નવસારી, સુરત, ભરૂચ અને જામનગર, પૂર્વી ભાગના ભાવનગર, અમરેલી, જૂનાગઢ, પોરબંદર અને જામનગર જિલ્લાઓમાં જોવા મળે છે. વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, પોરબંદર અને જામનગર જિલ્લાઓ અરબીસમુદ્ર કાંઠે આવે છે.

**૨. ઉદ્દેશ્યો અને વ્યુરચના:**

પૂર નિયંત્રણ અને કાંસના કામોનું મુખ્ય ઉદ્દેશ્ય નદી કાંઠે આવેલ શહેર અને ગામ લોકોનું જીવન, ફસલ અને જાનમાલની સુરક્ષા છે. પૂરના પાણીના ત્વરીત અને કાર્યક્ષમ નિકાલ માટે ગટર / કાંસ વ્યવસ્થાની જાળવણી ખૂબજ જરૂરી છે.

સમુદ્રી ધોવાણથી સુરક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા સર્વેક્ષણ કરી સમુદ્રી ધોવાણ થી રક્ષણ માટેના નક્શા અંદાજ તૈયાર કરવા માટેની કાર્યવાહી કરેલ છે. નાણાંકીય ભંડોળની ઉપલબ્ધતા અને જરૂરિયાતને આધારે પૂરરક્ષણના કામો હાથ પર લીધેલ છે.

ગુજરાતે પૂરની સમસ્યાના નિવારણ માટે પાળા બાંધવા, કાંઠા પર પત્થર જડવા, દરિયાઇ દિવાલો, સ્પર વિગેરે જેવાં માળખાગત પગલાં લઇ સમસ્યા ઉકેલવા પ્રયત્ન કરેલ છે. ગુજરાતે પૂર સરંક્ષણ માટે પૂરની આગાહી અને પૂરની ચેતવણી જેવા બિન માળખાગત પગલાં પણ લીધાં છે.

**પૂર સમયની કામગીરી:**

જળસંપત્તિ વિભાગ દર વર્ષે જૂન મહિનામાં પૂર દરમિયાનની કામગીરીની માર્ગદર્શિકા, વિવિધ ફલડ ફોર કાસ્ટીંગ સ્ટેશનોની યાદી, વરસાદ અને વરસાદમાપક સ્ટેશનો, પૂર બચાવ કામગીરી માટે જવાબદાર અધિકારીઓનાં નામ અને ફોન નંબર, વિવિધ તબકકે પૂરની અસર વગેરે વિગતો દર્શાવતું ફલડ મેમોરન્ડમ તૈયાર કરે છે. દર વર્ષે ૧૫મી જૂન થી ૧૫મી ઓકટોબર દરમ્યાન ૧૮૫ સિંચાઈ બંધોમાં પૂર સંબંધિત ચેતવણી તથા પૂરના પાણીના નિકાલ અંગેની સૂચના /આદેશ અંગેના સંદેશા વ્યવહાર માટે ૨૪×૭ સતત ચાલતા ૧૨

સ્થાનિક પૂર નિયંત્રણ એકમ અને ગાંધીનગર ખાતે એક કેન્દ્રિય પૂર નિયંત્રણ એકમ કાર્યરત રહે છે. ગાંધીનગર ખાતેનું કેન્દ્રિય પૂર નિયંત્રણ એકમ બંધો અને નદીઓમાં પાણીની સપાટી, બંધોમાં પાણીનો સંગ્રહ, બંધોમાંથી છોડવામાં આવતા પાણીનો જથ્થો, પૂરની ચેતવણી વગેરે બાબતોની વિગતો સંકલિત કરે છે અને સંબંધિતોને પરિપત્રિત કરે છે. સ્થાનિક પૂર નિયંત્રણ એકમ અને તેનો હવાલો સંભાળતા અધિકારીઓ જિલ્લા વહીવટી તંત્રને આવનાર પૂર, બંધોમાં પાણીની સપાટી, બંધોમાંથી છોડવામાં આવતા પાણીનો જથ્થો વગેરેથી માહિતગાર કરે છે. દમણગંગા,તાપી, મહી અને નર્મદા જેવી આંતરરાજ્ય નદીઓ સંબંધમાં સ્થાનિક પૂર નિયંત્રણ એકમના અધિકારીઓ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન રાજ્યોના પૂર નિયંત્રણ અધિકારીશ્રીઓ સાથે તેમજ કેન્દ્રિય જળઆયોગ સાથે સતત સંપર્કમાં રહે છે જેથી આગોતરાં પગલાં લઈ શકાય.

આપાતકાલીન કાર્ય યોજના, યોજનાઓના નિભાવના સતત પ્રયત્નો, આપાતકાલીન જાહેરનામું સૂચના પદ્ધતિ અને આપતકાલીન સંચાલન કેન્દ્રોની સ્થાપના સાથે આયોજનો અને અમલવારીના પ્રયત્નો થકીને વિભાગે તેની આપાતકાલીન વ્યવસ્થાપન ક્ષમતા વધારી છે.

જીઆઇએસ સીસ્ટમ અને બાઇસેગ ની મદદ થી અગત્યના બધા ડેમોને સાંકળી લેતો ઇનઅન્ડેશન મેપ બનાવવાની કામગીરી નું આયોજન કરેલ છે.

મોટી સિંચાઇ યોજનાઓ માટે નો ઇમરજન્સી પ્રીપેરનેશ પ્લાન અને સ્ટાન્ડીંગ ઓપરેશન પ્રોસીઝર ની કામગીરી ૧૨ મી પંચ વર્ષિય યોજના અંતર્ગત પૂર્ણ કરી મધ્યમ કદની સિંચાઇ યોજના માટે પણ આરીતે કાર્યવાહિ કરવાનું આયોજન છે.

મહિ જેવી મોટી નદી માટે ડ્રૈનેઝ માસ્ટર પ્લાન અમલવારી ૧૨મી પંચ વર્ષિય યોજનામાં છે.

પુર એરીયાના સ્ટાફને જળ શાસ્ત્રીય ગણત્રી, ડેટા કલેકશન, પુર આગાહી, મેનેજમેન્ટ, જીઆઇએસ સીસ્ટીમ વિગેરેની વિવિધ તાલીમ આપવામાંઆવે છે.

## ૩. ધ્યેય અને લક્ષ્યાંક:

**આર્થિક :**

વર્ષ ૨૦૧૫-૧૬ માટે પૂર નિયંત્રણ અને ગટર/કાંસ વ્યવસ્થા અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો માટે રૂ. **૨૫૯૫૧.૪૦ લાખ**નું ખર્ચ કરવા માટે નુ લક્ષ્યાંક રાખેલ છે.

**ભૌતિક:**

| | | |
|---|---|---|
| પાળાની લંબાઈ બનાવવાનું કામ: | ૧૫.૬૦૦ | કિ.મી. |
| દરિયાઈ દીવાલ બનાવવાનું કામ: | ૧૧.૩૪ | કિ.મી. |
| કાંસ માટની નહેરનું કામ: | ૧૪૫ | કિ.મી. |
| નગર સંરક્ષણ: | ૧૭ | નંબર |

## ૪. પૂર નિયંત્રણનાં મુખ્ય કાર્યક્રમ:

### ૪.૧ તાપી નદી ઉપર પૂર સંરક્ષણ નું કામ (તાપી પાળાનું મજબૂતીકરણ)

વર્ષ ૨૦૦૬ ના ચોમાસા દરમ્યાન તાપી નદીમાં ભારે પૂર પસાર થયેલ. ઉકાઇ બંધના સ્પીલવે પરથી આશરે ૯.૧૦ લાખ ક્યુસેક્સ પૂર પ્રવાહ પસાર થયેલ. આ ભારે પૂર પ્રવાહના લીધે તાપી પાળા અને તેની રીટેનીંગ વોલને ભારે નુકસાન થયેલ. જેથી તાપી પાળાની મરામત અને મજબૂતીકરણનું કામ ખૂબજ જરૂરી થઇ ગયેલ.

હયાત ૨૯.૪૦ કિ.મી. લાંબા તાપી પાળાની ઉંચાઇ બે મીટર વધારી તેનાં મજબૂતીકરણનાં કામો રૂ. ૨૨૪.૧૧ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. ૩.૯૨ કિ.મી. લંબાઈની ઈંટોની હયાત રીટેઈનીંગ વોલની ઉંચાઈ વધારવાનાં અને મજબુતીકરણનાં કામો પૂર્ણ થયેલ છે.

તાપી નદીને મળતી ખાડીઓ ઉપર ૧૨ સ્લુઈસ રેગ્યુલેટરોનાં મજબુતીકરણનાં અને નવાં સ્લુઈસ રેગ્યુલેટરોનાં પૂર્ણ થયેલ છે.

વર્ષ ૨૦૧૪-૧૫માં નીચેના કામો કરવાનું આયોજન છે.

1. તાપી નદીના ડાબા કાંઠા કુપર બંગલો થી નહેરુ બ્રીઝ સુધી હયાત માટી પાળાની ઉંચાઈ વધારી મજબુતીકરણની કામગીરી.
2. તાપી નદીના ડાબા કાંઠા પર નહેરૂ બ્રીજ થી ભાઠા – ભાટપોર સુધી રીટેઈનીંગ વોલનું કામ
3. કુલપાડા પાસે ગેબીયન પ્રણાલીથી પુર નિયંત્રણ યોજના.

   નિચેજણાવેલ કામોના ટેન્ડર આમંત્રિત કર્યા છે અને ટૂંક સમયમાં કામો શરૂ થશે,

   (અ) નહેરુ બ્રીઝ થી પાલ સુધીની ગેબીયન પુર નિયંત્રણ યોજના

   (બ) પાલ થી ભુલકા સ્કૂલ સુધીની ગેબીયન તથા રીટૈનીંગવોલ

   વર્ષ ૨૦૧૫-૧૬ સદર કામ માટે રૂ. ૨૭૩૪.૧૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

### ૪.૨ ડ્રેઇનેઝ

દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં થતા વોટરલોગીંગના પ્રશ્ન ના નિરાકરના માટે વિભાગે નવી ડ્રેઇન તૈયાર કરવી, જુની ડ્રેઇન ની સાફસુફી કરવા ના આયોજન કરેલ છે. મહિ, ઉકાઇ અને કાકરાપાર કમાન્ડ વિસ્તારની ડ્રેઇન ના કામો પ્રગતિ હેઠળ છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ કામગીરી માટે રૂ. ૫૪૫૨.૦૪ લાખનું આયોજન મુકેલ છે.

### ૪.3 નદી અને દરિયાઇ ધોવાણ અટકાવવાના કામો:

દરિયાઇ ધોવાણની માત્રા જ્યાંવધારે છે તેવા વિસ્તારમાં ઘર અને ખેતી વિસ્તારને રક્ષણ આપવા માટે માટીબંધ વિગેરે ના કામો હાથ ધરવામાં આવેલ છે. હાલમાં સંવેદનશીલ ૮૮૮૩૯ મી.દરિયાઇ પટીમાંથી ૩૪૨૫૭ મી. દરિયાઇપટ્ટી ને રૂ. ૧૨૬.૭૧

કરોડના ખર્ચે રક્ષણાત્મક બનાવેલ છે. તેરમાં નાણાપંચની સહાયથી રૂ. ૧૪૦ કરોડના અંદાજી કિંમતના ૧૬ કામો પ્રગતિ હેઠળ છે અને માર્ચ-૨૦૧૫ પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે. આ કામો થી વધારાની ૧૫૧૨૦ મી. દરિયાઇ પટ્ટી ને રક્ષણાત્મક તબ્બકે લઇ શકાશે.

ભરૂચ જીલ્લાના ઝગડીયા તાલુકાના મઢિ ગામે, સુરત જીલ્લાના માંગરોળ તાલુકાના માંગરોળ ગામે, રાનકપુર ગામે, લીંબડા ગામે અસરમા ગામેપુર રક્ષણ યોજનાના કામો પ્રગતિ હેઠળ છે.

નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના ડાંડી સામપોર ગામે, માછીવાડ ગામે, વલસાડ જીલ્લા અને તાલુકાના નાની અને મોટી દાંતીગામે, ભડેલી જગાલા ગામે, ધોલાઇગામે, સુરત જીલ્લાના ના ચોર્યાસી તાલુકાના ડુમસ, સુલતાનાબાદ અને ભીમાપોર ગામે, વલસાડ જીલ્લાના ઉમરગામ તાલુકાના કલાઇ ગામે, વલસાડ જીલ્લાના વલસાડ તાલુકાના તીથલ ગામે, વલસાડ જીલ્લાના ઉમરગામ ગામે, મરોલિ-ડાંડી ગામે, વલસાડ જીલ્લાના પારડી તાલુકાના ઉમરસાદી-મંગેલવાડ ગામે, કોલક ઉદવાડા ગામે, ભરૂચ જીલ્લાના અંકલેશ્વરતાલુકાનાબોરભાટા ગામે જંબુસર તાલુકાના નહર ગામે દરિયાઇ ધોવાન પ્રતિરોધક કામો શરૂ થયેલ છે અથવા આવતા વર્ષે શરૂ થશે અને ૧૨મી પંચવર્ષિય યોજનામાં પૂર્ણ થશે.

વર્ષ ૨૦૧૫-૧૬ માં આ કામો માટે રૂ. ૫૪૫૨.૦૦ લાખની જોગવાઇ રાખેલ છે.

## ૪.૪ વિશ્વામિત્રી નદીનું ડાયવર્ઝન.

વિશ્વામિત્રી નદીમાં આવતા પુરના પાણીથી વારંવાર થતા નુકસાન ને અટકાવવા, વડોદરા જીલ્લામાં વિશ્વામિત્રી નદીને ડાયવર્ટ કરવાના નવા કામનો વર્ષ ૨૦૧૫-૧૬ માં નવી આઇટમ તરીકે સમાવેશ કરવામાંઆવેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ માં આ માટે રૂ. ૨૦૦૦.૦૦ લાખની જોગવાઇસુચવેલ છે.

## ૫. ૨૦૧૫-૧૬ ના કાર્યક્રમો:

| અ. નં. | વિગત | જોગવાઈ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ડ્રેનેઝ અને કાંસ | ૫૪૫૨ |
| ૨ | પુર અને દરિયાઇ ધોવાણ અટકાવવાના કામો | ૨૦૦૯૯ |
| 3 | પ્રદુષિત પાણી ડાયવર્ઝનના કામો | ૪૦૦ |

## ૬. સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજના

દરિયાકાંઠાના વિકાસ માટે ૧૩ જીલ્લાઓના ૩૮ તાલુકાઓ માટે ગુજરાત સરકારે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના જાહેર કરી છે. દરિયા કિનારાના વિસ્તારની ખાસ

સમસ્યાઓ જેવી કે ક્ષાર પ્રવેશ, ઘટતી જતી જમીનની ફળદ્રુપતા, ઘટતી જતી પાણીની ગુણવત્તા વગેરેના નિરાકરણ માટે જળસંપત્તિ પ્રભાગે પૂર નિયંત્રણ કામો, દરિયાઈ ધોવાણ પ્રતિરોધક કામો અને હયાત કાંસની સફાઈનાં કામો અમલમાં મૂકવાનું આયોજન કર્યું છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ કામો માટે રૂ. **૫૪૫૨.૦૦ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

## ૭. રોજગાર:

વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ દરમ્યાન પૂર સંરક્ષણના કામોથી રોજગારી ઉત્પન્ન થવાનો ઘટક રૂ. **૭૨૬૦ લાખ** છે. (પૂર સંરક્ષણ માટેની સૂચિત જોગવાઈના ૩૦ ટકા), ૨૬૮/- રૂ. પ્રતિ માનવ દિનના હિસાબે ૨૭ **લાખ** માનવ દિનની રોજગાર શકિત ઉત્પન્ન થશે.

## ૮. ઉપસંહાર:

પૂર નિયંત્રણ અને કાંસના કામો નું મુખ્ય ઉદ્દેશ્ય નદી કાંઠે આવેલ શહેર અને ગામ લોકો નું જીવન, ફસલ અને જાન માલ ની સુરક્ષા છે. પૂર ના પાણી ના ત્વરીત અને કાર્યક્ષમ નિકાલ માટે ગટર વ્યવસ્થા ની જાળવવાણી ખૂબજ જરૂરી છે. ગુજરાતે પૂરની સમસ્યાના નિવારણ માટે પાળા બાંધવા, કાંઠા પર પત્થર જડવા, દરિયાઇ દિવાલો,સ્પર વિગેરે જેવાં માળખાગત પગલાં લઇ સમસ્યા ઉકેલવા પ્રયત્ન કરેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ માટે રૂ. **૨૫૯૫૧.૪૦ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

**જી. એન. પત્રક - એ**
**વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ મુખ્ય સદર/પેટા સદરવાર જોગવાઇ**

**(રૂ. લાખમાં)**

| અ.નં | વિકાસનું મુખ્ય સદર/પેટા સદર | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સૂચિત જોગવાઇ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર જોગવાઇ | સંભવિત ખર્ચ | અંદાજપત્રિય જોગવાઇ | આઈબીઆર: રાજ્ય પીએસઇ (અંદાજપત્ર મદદ સિવાય) | આઈબીઆર: સ્થાનિક સંસ્થાઓ (અંદાજપત્રિય મદદ સિવાય) | | | કુલ સુચિત જોગવાઇ (૫+૬+૯) |
| | | | | | | | શહેર સ્થાનિક સંસ્થા | ગ્રામ્ય સ્થાનિક સંસ્થા | કુલ | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૬ | **પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો.** | | | | | | | | | |
| | પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો. (જળસંપત્તિ) | ૧૭૮૨૨.૪૯ | ૨૨૮૩૪.૭૪ | ૨૦૮૭૨.૬૨ | ૨૫૫૫૧.૪૦ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | ૨૫૫૫૧.૪૦ |
| | પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો.(કલ્પસર) | 0.00 | ૪00.00 | 0.00 | ૪00.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | ૪00.00 |
| | **કૂલ** | **૧૭૮૨૨.૪૯** | **૨૩૨૩૪.૭૪** | **૨૦૮૭૨.૬૨** | **૨૫૯૫૧.૪૦** | **0.00** | **0.00** | **0.00** | **0.00** | **૨૫૯૫૧.૪૦** |

**એનેક્ષર-૧**

**વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬**

**(રૂ. લાખમાં)**

| અ.નં | યોજનાનો નંબર (૬ અંકમાં) | વિકાસનું મુખ્ય સદર/પેટા સદર (યોજનાવાર) | અમલ કરનાર સંસ્થા સરકાર/ જાહેર સાહસો/ સ્થાનિક સંસ્થાઓ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ (સુચિત જોગવાઇ) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | મંજુર જોગવાઇ | સંભવિત ખર્ચ | કૂલ | ચાલુ બાબતો | નવી બાબતો |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| I | | **પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો.** | | | | | | | |
| ૩૯ | ૧૧૨૯૦૧ | પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો. **(૧૩ માં નાણાપંચ સહાય સિવાયના)** | રાજ્ય સરકાર | ૧૩૪૧૫.૬૭ | ૧૨૧૩૪.૪૭ | ૧૦૪૦૭.૬૨ | ૨૧૮૦૧.૪૦ | ૧૧૦૦૯.૧૬ | ૧૦૭૯૨.૨૪ |
| ૪૦ | ૩૧૨૧૫૭ | પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો. **(૧૩ માં નાણાપંચ સહાય સહાયિત)** | રાજ્ય સરકાર | ૪૪૦૬.૮૨ | ૧૦૭૦૦.૨૭ | ૧૦૪૬૫.00 | ૩૭૫૦.00 | ૩૭૫૦.00 | 0.00 |
| ૪૧ | ૧૧૨૯૦૨ | કલ્પસર યોજના **(પુર નિયંત્રણ કામો)** | રાજ્ય સરકાર | 0.00 | ૪૦૦.00 | 0.00 | ૪૦૦.00 | ૪૦૦.00 | 0.00 |
| | | **Grand Total** | | **૧૭૮૨૨.૪૯** | **૨૩૨૩૪.૭૪** | **૨૦૮૭૨.૬૨** | **૨૫૯૫૧.૪૦** | **૧૫૧૫૯.૧૬** | **૧૦૭૯૨.૨૪** |

**એનેક્ષર-૨**

**વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬**

**ભૌતિક લક્ષ્યાંકો અને સિધ્ધિઓ**

| અ. નં | વિગત | એકમ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર સિધ્ધી | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ લક્ષ્યાંક (સુચિત) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | લક્ષ્યાંક | સંભવિત સિધ્ધી | | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | પૂર નિયંત્રણ | | | | | | |
| ૧ | પાળાની લંબાઇ (કિલોમીટર ) | કિ.મી. | ૧૯.૮૦૦ | ૧૮.૩૦ | ૯.૬૫ | ૧૫.૬૦ | |
| ૨ | નગર સંરક્ષણ ના કામો | નંબર | ૬ | ૧૦ | ૫ | ૧૭ | |
| ૩ | ડ્રેનેજ ચેનલની લંબાઇ (કિલોમીટર ) | કિ.મી. | ૫૮૦.૦૦ | ૩૦૦.૦૦ | ૧૧૮.૦૦ | ૧૪૫.૨૫ | |
| ૪ | લાભ થવાનો હોય તેવા વિસ્તાર | | | | | | |
| અ | પૂર નિયંત્રણ ડ્રેનેજ અને એંટી વોટર લોગિંગ વિસ્તાર | લાખ હેક્ટર | ૦.૦૮ | ૦.૦૮ | ૦.૧૨ | ૦.૧૪ | |
| બ | દરિયાઇ ધોવાણ વિરોધી પગલા | હેક્ટર | ૨૦૦૦.૦૦ | ૩૦૦૦.૦૦ | ૩૦૦.૦૦ | ૨.૦૦ | |
| ૫ | દરિયાઇ દિવાલની લંબાઇ | કિ.મી. | ૬.૭૭ | ૧૧.૩૪ | ૫.૮૪ | ૧૧.૩૪ | |

**એનેક્ષર-૩**

**વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬**

**બાહ્ય સહાયિત યોજનાઓ અંગેનું પત્રક**

**(રૂ. લાખમાં)**

| અ. | યોજનાનું નામ, પ્રકાર અને સ્થળ- પ્રોજેકટ કોડ અને બાહ્ય નાણાકીય મદદ કરનાર સંસ્થાનું નામ | કામની મંજૂરીની તારીખ/ શરૂ થયાની તારીખ | બાહ્ય સહાય મળવાની છેલ્લી તારીખ (અ) મૂળ (બ) સુધારેલ | અંદાજીત કિંમત (અ) મૂળ (બ) સુધારેલ (છેલ્લામાં છેલ્લી) | ફંડનું સ્વરૂપ (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગત આપવી) (ડ) ફૂલ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર થયેલ ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સૂચિત જોગવાઈ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | મંજૂર થયેલ જોગવાઈ | સંભવિત ખર્ચ | |
| | | | | | | (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગતો આપવી) (ડ) ફુલ | (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગતો આપવી) (ડ) ફુલ | (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગતો આપવી) (ડ) ફુલ | (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગતો આપવી) (ડ) ફુલ |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | પુર નિયત્રણ, ક્રાસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો. | ---------------------------------------------------------------મામુર--------------------------------------------------------------- | | | | | | | |

**એનેક્ષર-૪**

**વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ**

**(રૂ. લાખમાં)**

| અ.નં. | યોજનાનું નામ | સહાયનું સ્વરૂપ | | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ | | | | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સૂચિત જોગવાઇ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કેન્દ્રિય હિસ્સો | રાજ્ય હિસ્સો | છૂટો કરેલ હિસ્સો | | | કુલ ખરેખર થયેલ ખર્ચ | છૂટો કરેલ હિસ્સો | | | કુલ સંભવિત ખર્ચ | કેન્દ્રિય હિસ્સો | રાજ્ય હિસ્સો | કુલ |
| | | | | કેન્દ્રિય હિસ્સો | રાજ્ય હિસ્સો | કુલ | | કેન્દ્રિય હિસ્સો | રાજ્ય હિસ્સો | કુલ | | | | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૪૦ | પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો. **(૧૩ માં નાણાપંચ સહાય સહાયિત)** | ૧૦૦ ટકા | શુન્ય | ૪૧૭૦.૧૭ | ૦.૦૦ | ૪૧૭૦.૧૭ | ૪૧૭૦.૧૭ | ૧૦૭૦૦.૨૭ | ૦.૦૦ | ૧૦૭૦૦.૨૭ | ૧૦૪૬૫.૦૦ | ૩૭૫૦.૦૦ | ૦.૦૦ | ૩૭૫૦.૦૦ |

**એનેક્ષર-૫ - એ**

**આદિજાતિ પેટા યોજના (ટીએસપી)**

**વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - નાણાકીય જોગવાઈ : આદિજાતિ પેટા યોજના માટેની દરખાસ્તો**

**(રૂ. લાખમાં)**

| અ.નં. | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | વાર્ષિ યોજના ૨૦૧૩-૧૪ ટીએસપી હેઠળ થયેલ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ મંજુર થયેલ જોગવાઇ | | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ સંભવિત ખર્ચ | | વાર્ષિ યોજના ૨૦૧૫-૧૬ (સુચિત) | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુલ જોગવાઇ | તે પૈકીની ટીએસપી ની જોગવાઇ | કુલ ખર્ચ | તે પૈકીનો ટીએસપી નો ખર્ચ | કુલ જોગવાઇ | તે પૈકીની ટીએસપી ની જોગવાઇ |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો. | 0.00 | ૨૩૨૩૪.૭૪ | 0.00 | ૨૪૪૦૬.00 | 0.00 | ૨૫૯૫૧.૪૦ | 0.00 |

## એનેક્ષર-૫ - બી

## આદિજાતિ પેટા યોજના (ટીએસપી)

## વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - ભૌતિક લક્ષ્યાંકો અને સિધ્ધિઓ : આદિજાતિ પેટા યોજના માટેની દરખાસ્તો

| અ.નં. | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | એકમ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર સિધ્ધી | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ લક્ષ્યાંક (સુચિત) |
|---|---|---|---|---|---|---|
| | | | | લક્ષ્યાંક | સંભવિત સિધ્ધી | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો. | ------- મામુર---------- | | | | |

**એનેક્ષર-૬ - એ**

## અનુસૂચિત જાતિ પેટા યોજના (અ.જા.પે.યો.)

## વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - નાણાકીય જોગવાઈ : અનુસૂચિત જાતિ પેટા યોજના માટેની દરખાસ્તો

(રૂ. લાખમાં)

| અ.નં | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | વાર્ષિ યોજના ૨૦૧૩-૧૪ એસસીએસપી હેઠળ થયેલ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | | | વાર્ષિ યોજના ૨૦૧૫-૧૬ (સુચિત) | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર થયેલ જોગવાઇ | | સંભવિત ખર્ચ | | | |
| | | | કુલ જોગવાઇ | તે પૈકીની એસસીએસપી ની જોગવાઇ | કુલ ખર્ચ | તે પૈકીનો એસસીએસપી નો ખર્ચ | કુલ જોગવાઇ | તે પૈકીની એસસીએસપી ની જોગવાઇ |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો. | 0.00 | ૨૩૨૩૪.૭૪ | 0.00 | ૨૪૪૦૬.00 | 0.00 | ૨૫૯૫૧.૪૦ | 0.00 |

**એનેક્ષર-૬ - બી**

**અનુસૂચિત જાતિ પેટા યોજના (અ.જા.પે.યો.)**

**વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - ભૌતિક લક્ષ્યાંકો અને સિધ્ધિઓ : અનુસૂચિત જાતિ પેટા યોજના માટેની દરખાસ્તો**

| અ.નં. | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | એકમ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર સિધ્ધી | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ લક્ષ્યાંક (સુચિત) |
|---|---|---|---|---|---|---|
| | | | | લક્ષ્યાંક | સંભવિત સિધ્ધી | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો. | -------------------- મામુર ------------------------- | | | | |

## એનેક્ષર-૭

## વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સૂચિત જોગવાઇ

## સ્વૈચ્છિક ક્ષેત્ર માટેની નાણાકીય જોગવાઇ/ખર્ચ

(રૂ.લાખમાં)

| અ. નં. | યોજનાઓ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|
| | | ખરેખર ખર્ચ | મંજૂર થયેલ જોગવાઇ | સંભવિત ખર્ચ | (સૂચિત જોગવાઇ) |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો. | - | મા | મુ | ૨ |

# એનેક્ષર-૮ - એ

## રાજ્ય આયોજન કાર્યક્રમોમાં મહિલા ઘટક (વુમન કમ્પોનન્ટ)

## વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - નાણાકીય જોગવાઈ : મહિલા ઘટક માટેની દરખાસ્તો

(રૂ. લાખમાં)

| અ.નં | મુખ્યસદર/પેટા સદર | યોજનાઓ * | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર સિધ્ધિ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ (સૂચિત) | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર થયેલ જોગવાઇ | | સંભવિત ખર્ચ | | | |
| | | | | કુલ જોગવાઇ | તે પૈકી મહિલા ઘટક માટેની જોગવાઇ | કુલ ખર્ચ | તે પૈકી મહિલા ઘટક માટેનો ખર્ચ | કુલ જોગવાઇ | તે પૈકી મહિલા ઘટક માટેની જોગવાઇ |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | પુર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો. | નોશનલ | ૭૬૩૦.૬૭ | ૨૩૨૩૪.૭૪ | ૧૦૩૧૮.૬૬ | ૨૦૮૭૨.૬૨ | ૯૦૭૧.૦૦ | ૨૫૯૫૧.૪૦ | ૧૧૫૮૨.૩૩ |

નોંધ: સને ૨૦૧૧ની કામચલાઉ વસ્તી ગણતરીને આધારે મહિલા ધોરણ માટેનો ઘટક કુલ કેપીટલ વર્કસના ૪૭.૮૬ ટકા લેવામાં આવેલ છે.

## એનેક્ષર-૮ - બી

## રાજ્ય આયોજન કાર્યક્રમોમાં મહિલા ઘટક (વુમન કમ્પોનન્ટ)

## વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - ભૌતિક લક્ષ્યાંક અને સિધ્ધિઓ : મહિલા ઘટક માટેની દરખાસ્તો

| અ.નં. | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | એકમ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|---|
| | | | ખરેખર સિધ્ધિ | લક્ષ્યાંક | સંભવિત સિધ્ધિ | લક્ષ્યાંક (સૂચિત) |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | પૂર નિયંત્રણ | | | | | |
| ૧ | પાળાની લંબાઇ (કિલોમીટર ) | કિ.મી. | ૯.૪૮ | ૮.૭૫ | ૪.૬૧ | ૭.૪૭ |
| ૨ | નગર સંરક્ષણ ના કામો | નંબર | ૩ | ૫ | ૨ | ૮ |
| ૩ | ડ્રેનેજ ચેનલની લંબાઇ (કિલોમીટર ) | કિ.મી. | ૨૭૭.૫૯ | ૧૪૩.૫૮ | ૫૬.૪૭ | ૬૯.૫૨ |
| ૪ | લાભ થવાનો હોય તેવા વિસ્તાર | | | | | |
| અ | પૂર નિયંત્રણ ડ્રેનેજ અને એંટી વોટર લોગિગ વિસ્તાર | લાખ હેક્ટર | ૦.૦૪ | ૦.૦૪ | ૦.૦૬ | ૦.૦૭ |
| બ | દરિયાઇ ધોવાણ વિરોધી પગલા | હેક્ટર | ૯૫૭.૨૦ | ૧૪૩૫.૦૦ | ૧૪૩.૫૮ | ૦.૯૬ |
| ૫ | દરિયાઇ  દિવાલની લંબાઇ | કિ.મી. | ૩.૨૪ | ૫.૪૩ | ૨.૭૯ | ૫.૪૩ |

નોંધ: સને ૨૦૧૧ની કામચલાઉ વસ્તી ગણતરીને આધારે મહિલા ધોરણ માટેનો ઘટક કુલ કેપીટલ વર્કસના ૪૭.૮૬ ટકા લેવામાં આવેલ છે.